# શિવ-પાર્વતીના તાંડવ અને લાસાનું મિશ્રણ : સિરમૌરી નાટી નૃત્ય

## વસંતોત્સવ-૨૦૨૩માં દેવભૂમિ હિમાચલનું પવિત્ર અને સુપ્રસિધ્ધ નૃત્ય 'સિરમૌરી'ની પ્રસ્તુતિ





સિરમૌરી નાટી નૃત્ય દેવભૂમિ હિમાચલ નું સુપ્રસિદ્ધ લોક નૃત્ય છે. આ નૃત્ય હિમાચલના સ્થાનિક લોકો પવિત્ર, માંગલિક કે સાંસ્કૃતિક પર્વ તથા ત્રીજ ત્યોહાર પર આનંદથી કરે છે. હિમાચલની એક લોકવાયકા મુજબ સૌપ્રથમ ભગવાન શિવજીએ માતા પાર્વતી સંગે હિમાચલની ધરતી પર આ નૃત્ય કર્યું હતું. જેમાં ભગવાન શિવનું તાંડવ અને માતા પાર્વતીનું લાસા નૃત્ય મિશ્રીત નૃત્ય છે. માટે જ હિમાચલના લોકો આ નૃત્ય ખૂબ જ પવિત્ર માને છે. તેમાં શિવ-શક્તિનો વાસ સમજે છે.

વસંતોત્સવ-૨૦૨૩ દરમિયાન પણ આ પવિત્ર નૃત્યની પ્રસ્તુતિ કરવામાં આવી. જેને દર્શકોએ ખૂબ જ ઉમળકા ભેર નિહાળી. વસંતોત્સવ દરમિયાન સિરમૌરી નાટી નૃત્ય ગ્રુપના મુખ્ય ગુરુજી તરીકે ઓળખાતા કલાકાર જીયાલાલ ઠાકોર, આ હિમાચલી નૃત્યને એક સાંસ્કૃતિક વારસા તરીકે સાચવીને બેઠા છે. અને નવી પેઢીને આ નૃત્ય થકી કલા શીખવવાની સાથે-સાથે તેની પવિત્રતા અને આ નૃત્યની વિશેષતાઓનો પણ વારસો પીરસી રહ્યા છે.

ગુરુજી સિરમૌરી નાટી નૃત્ય વિશે જણાવતા કહે છે કે, આ નૃત્ય તાલ, છંદ, શાસ્ત્રથી વિકસિત છે. સિરમૌરી ડંકી શૈલીમાં થતું નૃત્ય છે. જે મહિલાઓ અને પુરુષો બંને દ્વારા શિવ-પાર્વતીના તાંડવ અને લાસા નૃત્યને સંમિશ્રિત કરી રજૂ કરવામાં આવે છે. સિરમૌરી નૃત્યમાં મહિલાઓ જે પહેરવેશ ધારણ કરે છે તેને 'રજેટા' તથા પુરુષોના પોશાકને 'લોયા' તરીકે ઓળખવામાં આવે છે. ઉપરાંત પુરુષો હિમાચલી ટોપી જે તેમની ખાસ ઓળખ છે, તે ધારણ કરે છે.

વસંતોત્સવ વિશે હિમાચલી નૃત્યના ૬૦ વર્ષિય કલાકાર જીયાલાલ ઠાકોર જણાવે છે કે, આ ઉત્સવમાં લોકોને તેમની હિમાચલી ભાષાના ગીત કે બોલની ભલે સમજ નથી, પરંતુ અહીંના દર્શકો સંગીત અને સુર-તાલને બરાબર સમજે છે અને માન આપે છે. એટલે જ તેમને અહીં નૃત્ય કરવામાં ખૂબ જ આનંદ આવે છે. લોકોનો તેમને અને તેમના નૃત્યને ખૂબ જ પ્રેમ મળી રહ્યો છે. જેના માટે તેઓ ગુજરાતના લોકો તથા વસંત ઉત્સવને આભારી હોવાનું જણાવે છે.ઉપરાંત અહીં તેમના નૃત્યની જે પવિત્રતા છે તે પણ જળવાઈ રહે છે,કારણ કે આ મંચ કલા અને કલાકારોને માન આપતો મંચ છે. જેથી તેમને વસંતોત્સવમાં પોતાના નૃત્યનું પ્રદર્શન કરવું ગમે છે.


# વિશ્વ વન દિવસે વનોની સાથે લુપ્ત થતી ઔષધીય વનસ્પતિના જતન માટે પણ આગળ આવીએ..

**ગાંધીનગરનું ઔષધીય વનસ્પતિ ઉદ્યાન લુપ્ત થઈ રહેલી ઔષધીય વનસ્પતિ અને વૃક્ષોના જતન માટે કાર્યશીલ : ઉદ્યાનમાં ઉમરડો, બ્રાહ્મી, સિંદુર, શંખ પુષ્પી, મામેજવો, બિલી, અર્જુન સાદર, આંબળા, અરીઠા, રામફળ, મધુનાશિની વગેરે ઔષધીય વનસ્પતિનો ઉછેર કરીને લોકોને નિઃ શુલ્ક વહેચવામાં આવે છે**

૨૧ માર્ચને વિશ્વ વન દિવસ તરીકે દુનિયાભરમાં ઉજવામાં આવે છે. કુદરતે આપણને હંમેશા કંઈક ને કંઈક આપ્યું છે. આ વનોમા થતી ઔષધીય વનસ્પતિઓએ માનવીની બિમારીઓ સહિતની તકલીફ દૂર કરી છે. આધુનિક યુગમાં લોકોની બિમારીઓ વધી અને તેના નિદાન માટેની પદ્ધતિઓ પણ વિકસી. એલોપથી જેવી ચિકિત્સા પદ્ધતિ રોગને ઝડપથી મટાડે એટલે લોકો એની તરફ વળ્યાં પણ એનાથી થતાં નુકસાન વિશે ન ગણકાર્યું. પણ આપણે એવું જાણીએ કે ઘણું કઠતી પથરીને પાનફૂટી નામની વનસ્પતિ જડમૂળથી મટાડે છે કે એવું જાણીએ કે અસ્થિભંગ માટે હાડસાંકળ નામની વનસ્પતિ રામબાણ છે તો એના તરફ આકર્ષાવાના. પણ આવી એક નહીં પણ અનેક વનસ્પતિઓ આપણી ઘણી ખરી બિમારીઓને જડ મૂળથી મટાડે છે. ગાંધીનગરમાં આવેલા સરકારી ઔષધીય વનસ્પતિ ઉદ્યાનમાં આવી અનેક વનસ્પતિઓનો ઉછેર કરવામાં આવ્યો છે જે આપણા માટે ઘણી ઉપયોગી છે. સરકારી ઔષધીય વનસ્પતિ ઉદ્યાન વર્ષ ૧૯૮૦ માં ગુજરાત વન વિભાગ તરફથી ઊભું કરવામાં આવ્યું હતું. અત્યારે તે ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડના હસ્તક કામ કરે છે. આ ઉદ્યાન ૧૨ હેકટરમાં ફેલાયેલું છે. આ ઉદ્યાન સર્કિટ હાઉસથી અને અક્ષરધામની નજીકના વિસ્તારમાં આવેલું છે. આ માટે ઉદ્યાનમાં ટેકનિકલ સ્ટાફ નિયુક્ત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સ્થાનિક માળી લોકો ઉદ્યાનમાં રોપાનો ઉછેર કરે છે. અને આ રોપાને નિશુલ્ક વહેચવામાં આવે છે. ઉદ્યાનમાં નર્સરી, હર્બલ પાર્ક, રોપા ઉછેર કેન્દ્ર અને રો મટિરિયલ કલેક્શન માટે વ્યવસ્થા કરવામાં આવી છે. ઉદ્યાનમાં ગુજરાતમાં લુપ્ત થવાના આરે હોય તેવા વૃક્ષો ચંદન, સીતા અશોક, બિયો, રાગોટ રોહીડો, બિલી, અરણી, ટેટૂ, વગેરેને ઉછેરીને તેનું જતન કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત વિવિધ જાતની તુલસી, વિવિધ જાતની અરડૂસી, હડસકંદ, પાનફૂટી, નગોડ, પારિજાત, લીંડી પીંપળ, અર્જુન સાદડ, કુંવારપાઠું, સરગવો, હરડે વગેરે જેવી ઔષધીય વનસ્પતિઓ પણ ઉછેરવામાં આવી છે. ઉદ્યાનમાં આવેલી નર્સરીમાં ગુજરાતમાં લુપ્ત થવાના આરે હોય એવી ઔષધીય વનસ્પતિને ઉગાડવામાં આવી છે. ઉમરડો, બ્રાહ્મી, સિંદુર, શંખ પુષ્પી, મામેજવો, બિલી, બદામ, અરડૂસી, નાગરવેલ, ફણસ, જાસૂદ, પારિજાત, અર્જુન સાદર, આંબળા, અરીઠા, રામફળ, મધુનાશિની, ગળો, ચંદન, અંજીર, લસણવેલ, અશ્વગંધા, બહેરાં, ચણોઠી વગેરે ઔષધીય વનસ્પતિનો ઉછેર કરીને લોકોને નિઃશુલ્ક વહેચવામાં આવે છે. ઔષધીય વનસ્પતિ ઉદ્યાનના અધિકારી શ્રીમતી કૃષ્ણા સખરેલીયાના જણાવ્યા અનુસાર ઉદ્યાનમાં હર્બલ પાર્ક ઊભો કરવામાં આવ્યો છે. જેમાં ગુજરાતમાં ઓછી જોવા મળતી અને વ્યવહારુ જીવનમાં વપરાતી ઔષધીય વનસ્પતિઓનો ઉછેર કરવામાં આવ્યો છે. નર્સરી ઉપરાંત ઉદ્યાનમાં સોલાર ડ્રાયર લાવવામાં આવ્યું છે જેમાં કરિયાતું, અરડૂસી, બહેડાં, આમળાં, ડોડી, વરધારો વગેરે જેવી વિવિધ ઔષધીય વનસ્પતિઓને સૂકવીને ફાર્મા ઉદ્યોગ માટે તેમજ વિવિધ અભ્યાસ માટે પ્રાયોગિક પૃથક્કરણ માટે મોકલવામાં આવે છે. ઔષધીય વનસ્પતિ ઉદ્યાનમાં મુલાકાતીઓ ઉપરાંત ઘરે બેઠા લોકો ઔષધીય વનસ્પતિની માહિતી મેળવી શકે તે માટે ઈ હર્બલ પાર્ક ઊભો કરવામાં આવ્યો છે. જ્યાં દરેક ઔષધીય વનસ્પતિ કે વૃક્ષની આગળ ઊઈ કોડ મૂકવામાં આવ્યો છે જેને સંસ્થાની બોટનીકલ ગાર્ડન ગાંધીનગર એપમાં સ્કેન કરીને જે તે વનસ્પતિ વિશે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં વિગતવાર માહિતી મેળવી શકાય છે.








# એમ. એમ. પટેલ સાયન્સ કોલેજની એનએનએસ શિબિર




ગાંધીનગર, તા.૨૦

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત શ્રી માણેકલાલ એમ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચ કોલેજ ગાંધીનગર દ્વારા ડૉ. હરીશ વનારના નેતૃત્વ અને પ્રિન્સિપાલ ડૉ. કેયુર ભાઈ શાહના માર્ગદર્શન હેઠળ કરજીસણ ગામમાં ૭ દિવસ એન.એસ.એસ શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતું. શિબિર દરમિયાન ગામમાં સ્વછતા અભિયાન, સાક્ષરતા અભિયાન, વ્યસન મુક્તિ અભિયાન, મોબાઈલ એડીક્શન, રોડ સેફ્ટી અવેરનેસ, સ્વાસ્થ્ય અવેરનેસ જેવા વિવિધ પ્રોગ્રામ એનએસએસના વિદ્યાર્થી દ્વારા કરવામાં આવ્યાં હતા.

# એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા ખાતે વિદાય સમારોહ યોજાયો




ગાંધીનગર, તા. ૨૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ ૮ના વિદ્યાર્થીઓ માટે વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ શાળાના સંસ્મરણો તેમજ શિક્ષકો પ્રતિ પોતાના મંતવ્યો રજૂ કરી ગુરૂ ઋણ અદા કરી કૃતાર્થતા અનુભવી હતી.

# બીબીએ કૉલેજ દ્વારા ફાઈનલ વર્ષનાં વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો

## વિદ્યાર્થીઓ ત્રણ વર્ષના અનુભવ વર્ણવતા ભાવુક થયા




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ) નાં વિદ્યાર્થીઓ કૉલેજમાં ત્રણ વર્ષ સુધીનો અભ્યાસક્રમ પૂર્ણ કરી સ્નાતકની પદવી મેળવવા જઈ રહેલ વિદ્યાર્થીઓને કૉલેજ આજે તેમની ઉજ્જવળ કારકિર્દી માટે વિદાય આપી રહી છે. ત્રણ વર્ષ દરમ્યાન કૉલેજ માં રહી અનેક બાબતો અભ્યાસક્રમ તેમજ અન્ય પ્રવૃતિઓ થકી વિદ્યાર્થીઓ જે શીખ્યા તે શિક્ષા ને હવે તેઓએ સમાજ જીવન માં તેમજ પ્રોફેશનલ કારકિર્દીમા અમલીકરણ કરવાનુંછે. અત્રે બીબીએ નો અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ અનેક વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ માટે અનુસ્નાતક કોર્સની પસંદગી કરશે જ્યારે કેટલાક પોતાના વ્યવસાય કે નોકરીની શરૂઆત પણ કરશે કૉલેજ આ તમામ વિદ્યાર્થીઓ ને શુભકામના પાઠવે છે. આજનો સમગ્ર કાર્યક્રમ દ્વીતીય તેમજ પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ દ્વારા આયોજીત થયો હતો. જે તેઓની સંચાલન શક્તિનું સુંદર ઉદાહરણ પૂરુ પાડે છે. વિદાય લઈ રહેલ વિદ્યાર્થીઓ દ્વારા પોતાનો અભિપ્રાય આપતા જણાવ્યુ હતુ. કે કૉલેજ નાં શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓ દ્વારા તેઓ ને હંમેશા માર્ગદર્શન તેમજ સહકાર પ્રાપ્ત થયો છે. તેઓ આજે જે કાંઈ મેળવી શક્યા છે.તેમા કૉલેજ નો અમૂલ્ય ફાળો છે. જે ને હંમેશા વિદ્યાર્થીઓ યાદ રાખશે. કૉલેજ નાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓ ને આગામી પડકારો માટે તૈયાર રહેવાનું જણાવ્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું આયોજન ઉપાચાર્ય ડો.જયેશ તન્ના, ડૉ.નીરવજોશી તેમજ સમગ્ર કૉલેજ પરિવાર દ્વારા કરવામાં આવ્યુ હતુ.

# જન્મદિવસ "વિશ્વ ચકલી દિવસ" ચકીબાઈને સમર્પિત કરતા શહેરીજન



બાળકોની વ્હાલી ચકીબાઈની ચિંતાને કારણે નગરના પર્યાવરણવાદી મનોજભાઈ જોષી કાયમ ચિંતિત રહે છે. યોગાનુયોગ એમનો જન્મદિવસ પણ ૨૦મી માર્ચ "વિશ્વ ચકલી દિવસ" ના દિવસે આવતો હોવાથી ઘણા વર્ષોથી તેઓ પક્ષીના માળા, પાણીની પરબનું વિતરણ પોતાની બચત કે કોઈ સંસ્થાના સહયોગથી કરતા હોય છે. આ વર્ષે પણ આજના દિવસે મનોજભાઈ એ અરુણોદય સેવા ટ્રસ્ટના સૌજન્યથી પોતાના મિત્રો અને પોતાની ઓફિસમાં આવનાર ગ્રાહકોને મીઠું મોં કરાવી પાણીની પરબ વિતરણનું અનુકરણીય સેવાકાર્ય કરી સમાજમાં સેવાનો દાખલો બેસાડ્યો છે. નવરાસની પળોમાં બાળકોને પણ પર્યાવરણની આ બાબત શીખવાડી, પૂઠાં ના ખોખામાથી માળા બનાવવ નવી પેઢીને પર્યાવરણના પાઠ શીખવે છે, જેથી ભવિષ્યમાં પણ આ સેવાની મશાલ પ્રજ્વલિત રહે.

# જીવન જ્યોત વૃધ્ધાશ્રમ ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

અસ્મિતા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ અને નહેરૂ યુવા કેન્દ્ર, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે જીવનજ્યોત વૃધ્ધાશ્રમ, મહુડી રોડ ખાતે સર્વ રોગ નિદાન કેમ્પ અને અંગદાન જાગૃતિ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ. પ્રારંભમાં સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. ભાસ્કર શુકલએ કાર્યક્રમની ભૂમિકા રજૂ કરી હતી. વૃધ્ધાશ્રમના મેનેજીંગ ટ્રસ્ટીએ જીવનજ્યોત સંસ્થાનો પરિચય આપ્યો હતો. ગાંધીનગરની ટ્રાઈડેન્ટ હોસ્પિટલના ડૉ. કશ્યપ મોદીએ અંગદાનનુ મહત્વ સમજાવ્યુ હતુ. આંખો, કીડની વગેરેના દાન તેમજ દેહદાનના અંગે આંકડાઓ સાથે સમાજઉપયોગી વિચારો રજૂ કર્યા હતા. ડૉ. ઋત્વી મોદીએ સાંધા, હાડકાના દુઃખાવો તેમજ તે અંગેની કસરતોની સમજ આપી હતી.




જીવનજ્યોત સંસ્થાના ૩૦ વૃદ્ધોના બી.પી., ડાયાબીટીસ, કોલેસ્ટરોલ વગેરેની ચકાસણી તેમજ તેની ટ્રીટમેન્ટ ડૉ. કલ્પેશ મોદી દ્વારા આપવામાં આવી હતી. જીવનજ્યોત સંસ્થાના મેનેજર પ્રેમલભાઈએ આભારવિધિ કરી હતી તેમજ અસ્મિતા એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટી ડૉ. ગાયત્રી દવેએ 'વડીલોને હકારાત્મક જીવન' જીવવા અંગેના વિચારો રજૂ કર્યા હતા.